**<u>રેગ્યુલર દિવાની મુકદમા નં.૬૮/૨૦૨૦ ના કામે</u>**

**<u>–:: આંક–૭૫ અને ૮૧ લગત હુકમ ::–</u>**

(૧). અરજીઓ તથા આંક:૭૯ થી જવાબ તથા આંક:૮૪ થી લેખિત દલીલ વંચાણે લીધી તથા આંક:૮૬ ની પુરસીસ તથા આંક:૯૧ ની પુરસીસ તથા રેકર્ડ વંચાણે લીધું.

(૧.૧) આ કામના પ્રતિવાદી નં.૪,૫,૧૦,૧૧ નાઓએ <u>આંક:૭૫</u> થી સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ એડી તથા ઓર્ડર ૬ રૂલ ૧૬ તથા કલમ:૯૪ તથા કલમ:૧૫૧ મુજબ દાવો રદ કરવા અરજ કરેલ છે અને પ્રતિવાદી નં.૧૨ નાઓએ આંક:૯૧ થી પુરસીસ આપી આંક:૭૫ મુજબની પોતાની અરજ હોવાનું અને તે મુજબ દાવો રદ કરવાની અરજ કરેલ છે. પ્રતિવાદી નં.૨/૬/૨/૬ તર્ફે <u>આંક:૮૧</u> થી સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ સાથે ૧૫૧ મુજબ દાવો રદ કરવા અરજ આપેલ છે અને વાદી તર્ફે આંક:૭૯ થી સદર અરજો સામે સખત વાંધા જવાબો લીધેલા છે અને આંક:૮૬ થી પુરસીસ આપી બીજી ૭(૧૧) ની અરજી લગત વાંધા જવાબ આંક:૭૯ મુજબ હોવાનું જાહેર કરેલ છે.

(૧.૨) પ્રતિવાદી નં.૪,૫,૧૦,૧૧ ના વિ.વ.શ્રી. <u>બી.એન.શાહ</u>ની એવી દલીલ છે કે,વાદીએ હાલનો દાવો સને–૨૦૦૧ થી ૨૦૧૯ ના રજીસ્ટ વેચાણ દસ્તાવેજ રદ બાતલ ઠરાવવા માટે કરેલ છે. પરંતુ, સદર દાવાને સમય મર્યાદાના કાયદાનો બાદ નડે છે. તેમજ વાદીએ પ્રોપર પ્લીડીંગ કરેલ નથી અને દાવાનું કોઈ જ કારણ ઉભું થયેલ નથી. જેથી કોઝ ઓફ એકશન વગરનો દાવો કરેલ છે. હાલના દાવાની રેસ જ્યુડીકેટાનો બાદ નડે છે. સને–૨૦૦૧ ના દસ્તાવેજની જાણ વાદીને પહેલવહેલી વાર થયેલ હોય તેવા કથનો કરેલ છે. પરંતુ, સદર રજીસ્ટર દસ્તાવેજની રેવન્યુ રેકર્ડમાં નોંધ જે તે સમયે થઈ ગયેલ અને દસ્તાવેજ રજીસ્ટર થઈ ગયેલ હોય તેને કન્સ્ટ્રટીવ નોટીસ ગણવી જોઈએ. વધુમાં, તેઓની એવી રજૂઆત છે કે, જયારે દસ્તાવેજ થયેલ ત્યારે વાદીઓના નામ ૭/૧૨ માં ચાલતા ન હતા આશરે ૫૦ વર્ષ પહેલા નોધ નં.૧૦૫૨ થી ભાઈઓ ભાગે પડતા

વાદીઓના નામ નીકળી ગયેલ અને સને-૨૦૦૧ માં વેચાણ દસ્તાવેજ થઈ ગયેલ તેને પણ ૨૦ વર્ષ થઈ ગયેલ છે. આ કામના વાદીએ દાવાનું કારણ ખોટું અને બનાવટી ઉભું કરેલ છે. જેથી દાવો સમયમર્યાદાના કાયદાનો તથા કોઝ ઓફ એકશનના અભાવને કારણે રદ થવાને પાત્ર છે.

(૧.૩) વધુમાં તેઓની એવી રજૂઆત છે કે, વાદીએ બજાર કિંમત પ્રમાણે દાવાવાળી મિલકતનો આંક બાંધેલ નથી અને તેના ઉપર પૂરતી કોર્ટ ફી ભરેલ નથી. જેથી દાવો રદ થવાને પાત્ર છે. વધુમાં વાદીઓનો કોઈ કાયદેસરનો હકક ન હોય તથા વાદી કોઈ કાયદેસરની દાદા મેળવવા હકકદાર ન હોય દાવો રદ કરવા અરજ કરેલ છે. વધુમાં, વાદી ગણોત કેસ નં.૩/૧૭ નો ઉલ્લેખ કરેલ છે અને પોતાનો ગણોત હકક હોવાનું જણાવે છે અને બીજી બાજુ માલીકી હકક જણાવે છે. જેથી પણ હાલનો દાવો ટકવા પાત્ર નથી.

(૧.૪) વધુમાં, તેઓની એવી દલીલ છે કે, દાવાવળી મિલકતમાં ઈબ્રાહીમભાઈ આદમભાઈનું નામ તા.૧૦.૦૭.૧૯૫૨ થી ચાલતું આવે છે અને ત્યારબાદ ભાઈઓ ભાગ અને ફારગતી લખાણના આધારે નોંધ નં .૪૦૯ થી હાઝી અકુઝી અસ્માલનું નામ દાખલ થયેલ અને તે નોંધ ૫૮૨ થી મં જુર થયેલ અને ત્યારબાદ પણ અસંખ્ય નોંધ અને અને ફેરફાર થયેલ છે. તેમ છતાં વાદી સને-૨૦૦૧ નો દસ્તાવેજ ચેલેન્જ કરે છે. જેથી સદર દાવાને સમયમર્યાદાનો બાદ નડે છે. આ કામના પ્રતિવાદી નં.૩ થી ૧૧ નાઓએ પૂરેપૂરો અવેજ ચુકવી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૬૮૦૯ તા.૦૫.૧૦.૨૦૦૧ થી વેચાણ પ્રતિવાદી નં.૩ થી ૧૧ નાઓ વેચાણ રાખેલ, તેઓ બોનાફાઈડ પર્ચેઝર છે અને સ્વતંત્ર માલીક કબજા ભોગવટેદાર બનેલા. આ અગાઉનું વાદીઓએ નોંધ નં.૧૦૫૨ કે ૨૯૦૯ ચેલેન્જ કરેલ નથી. જેથી આ નોંધ કાળક્ર મે કાયમી બનેલ છે. સદર મિલકતનાં રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૧૦૫૨ તા.૨૫.૦૩.૧૯૭૦ થી વેચાણ આપનાર અબ્દુલહાજી અકુઝી, યુસુફ હાજી અકુઝીનું નામ ભાઈઓ ભાગની વેચાણ થતા દાખલ થયેલ અને તેઓએ વેચાણ

કરેલ. પ્રતિવાદી નં.૧૨ નાએ જરૂરી પરવાનગી મેળવી બીન ખેતી હુકમ મેળવી દાવાવાળી મિલકત પર બાંધકામ કરી રહેલ છે અને સભ્યો નોંધ બુકીંગ પણ કરેલ છે અને માતબર રકમનું પણ રોકાણ કરેલ છે અને વાદીઓ નજીકમાં જ રહે છે અને રોજ તેઓ આ બાંધકામ જુએ છે. જેથી પણ વાદીના દાવાને ડિલે લ ેચીસનો બાદ નડતો હોવાનું જણાવે છે અને તેથી હાલનો દાવો રદ કરવા અરજ કરેલ છે. પ્રતિવાદી નં.૪, ૫ તથા ૧૦,૧૧ ના વિ.વ.શ્રી.એ નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાઓ પોતાની દલીલના સમર્થનમાં રજૂ કરેલ છે. જેનો હવે પછી ઉલ્લેખ કરેલ છે.

(૧.૫) પ્રતિવાદી નં.૨/૬/૨/૬ ના વિ.વ.શ્રી. <u>એમ.પી.કોહલીની</u> એવી દલીલ છે કે, વાદીએ રજીસ્ટર દસ્તાવેજ નં.૬૮૦૯ તા.૦૪.૧૦.૨૦૦૧ વાળો દસ્તાવેજ તથા રજીસ્ટર દસ્તાવેજ નં.૧૦૬૪૩ તા.૨૭.૦૬.૨૦૧૯ નો રદ કરવા માટે દાવો કરેલ છે. પરંતુ, સને–૨૦૦૧ માં થયેલ દસ્તાવેજ પબ્લીક ડોકયુમેન્ટ હોય તેને ડિમ નોલેજ હોવાનું માનવું જોઈએ અને લીમીટેશન એકટના આર્ટીકલ ૫૯ મુજબ ૩ વર્ષમાં દાવો કરેલ ન હોય હાલનો દાવો રદ કરવા અરજ કરેલ છે. વધુમાં તેઓની એવી રજૂઆત છે કે, આ કામના વાદીએ મહત્વની હકીકતો છૂપાવેલ છે અને દાવો સમયમર્યાદામાં લાવવા માટે ખોટી હકીકતો ઉભી કરેલ છે. જેથી સમગ્રદાવો દાવાની હકીકત તથા દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેવા જોઈએ અને સદર દાવાને સમય મર્યાદાનો બાદ નડતો હોવાનું ઠરાવી રદ કરવો જોઈએ. વધુમાં, તેઓની એવી રજૂઆત છે કે, સદર કામમાં કોઈ કોઝ ઓફ એકશન ઉભું થયેલ ન હોય હાલનો દાવો રદ કરવો જોઈએ અને તેઓએ તેમની દલીલના સમર્થનમાં નામદાર ઉચ્ચ અદાલતમાં રજૂ કરેલ છે. જે હવે પછી ઉલ્લેખ કરેલ છે.

(૧.૬) આ કામના વાદીના વિ.વ.શ્રી.<u>બી.ટી.પરમારની</u> એવી રજૂઆત છે કે, આ કામના વાદીઓ હાજી અકુઝી અસ્માલના વારસદારો છે અને જે તે સમયે તેઓના નામો રેવન્યુ રેકર્ડમાં ચાલતા હતા પરંતુ

વાદીઓના/તેઓના પિતાની જાણ બહાર રેવન્યુ રેકર્ડમાંથી નામ મીસચીફ કરી કાઢી નાંખવામાં આવેલા આ ફેરફારોની નોંધ અંગે તેઓને કોઈ નોટીસ મળેલી નહીં અને વાદીઓના કાયદેસરના હકકો નષ્ટ કરવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ, રેવન્ય રેકર્ડ ફિજકલ પર્પઝ માટે છે. તેનાથી કોઈની માલીકી નકકી થઈ શકે નહીં. રેવન્યુ રેકર્ડથી ટાઈટલ ડિસાઈડ ના થાય વધુમાં, તેઓની એવી રજૂઆત છે કે, એન્ટ્રી નં.૭૧૨ થી નામો આવેલા અને એન્ટ્રી નં.૧૦૫૨ થી અમોને વડવાવાળી ભાઈઓનું નામ રદ કરેલ. કેવા અને કયા કારણથી રદ કરેલ તેની કોઈ હકીકત નીકળી આવતી નથી અને અમોને નોટીસ બજવ્યા વગર રેવન્યુ રેકર્ડમાંથી નામ કાઢી નાંખવામાં આવેલા છે. જેથી સદર મિલકતમાં વાદીઓનો હકક હિસ્સો આવેલો છે. સદર દાવાવાળી મિલકત આ કામના પ્રતિવાદીઓએ વેચાણ કરેલ તે અંગેની જાણ વાદીઓને રેગ્યુલર સીવીલ સ્યુટ નં.૩૯૬/૧૮ દાખલ થયેલ અને તેના દસ્તાવેજી પુરાવા મળતા જાણ થયેલ તેમજ ગણોત કેસ નં.૩/૧૭ વાળો માં હુકમ મળતા જાણ થયેલ. જેથી તેઓની એવી રજૂઆત છે કે, સદર દાવો સને-૨૦૨૦ માં કરેલ કેસનો હુકમ સને-૨૦૧૯ માં થયેલ ત્યારે જાણ થયેલ હોય સમયમર્યાદાના કાયદાના આર્ટીકલ ૫૯ મુજબ વાદીઓની જાણ થયેલ. ત્યારથી ૩ વર્ષમાં દસ્તાવેજ રદ કરવા માટે દાવો કરેલ છે. વધુમાં, તેઓની એવી રજૂઆત છે કે, લીમીટેશન એકટની સેકશન-૧૭ મુજબ ફ્રોડ, મીસચીફ કે મીસ્ટેક થયેલ હોય ત્યારે સમયમર્યાદાનો બાદ નડે નહી અને લીમીટેશન એકટના આર્ટીકલ-૧૧૦ મુજબ પ્રોપર્ટીશન માટે જાણકારી થાય ત્યારથી ૧૨ વર્ષમાં દાવો કરવો જોઈએ. હાલના કામમાં વાદીઓના સને-૨૦૧૯ મા જાણ થયેલ હોય સદર દાવો સમય મર્યાદામાં છે. જેથી હાલનો દાવો રદ થઈ શકે નહીં. વધુમાં, તેઓની એવી રજૂઆત છે કે, આ કામના વાદીએ તેઓના દાવામાં દાવાની કોઝ ઓફ એકશન સ્પષ્ટપણે જણાવેલ છે. તેથી પણ દાવો રદ થઈ શકે નહીં. વધુમાં, તેઓની એવી રજૂઆત છે કે, સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબની અરજી નિર્ણીત

કરતા સમયે વાદીના દાવાની હકીકત તથા દસ્તાવેજી પુરાવાઓ જે ધ્યાને લેવા જોઈએ. પ્રતિવાદીઓનો જવાબ કે દસ્તાવેજી પુરાવઓ ધ્યાને લઈ શકાય નહીં. વાદી અને પ્રતિવાદીની તકરાર મુજબ સમયમર્યાદામાં દાવો છે કે કેમ ? તે હાલના તબકકે પુરાવાઓ લીધા સીવાય નકકી થઈ શકે નહીં. જેથી હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે અને તેઓએ તેઓની દલીલના સમર્થનમાં ચુકાદાઓ રજૂ કરેલ છે. જે હવે પછી ઉલ્લેખ કરેલ છે.

(૧.૭) આ કામના પ્રતિવાદી નં.૪,૫,૧૦,૧૧ ના વિ.વ.શ્રી.એ નીચે મુજબના ચુકાદાઓ રજૂ રાખેલ છે. (1) 2016(0)ALJEL-HC-236731 (2) 1993(0)AIJEL-SC-24679 (3) 1977(4)SCC 467: AIR 1977 SC-2421 (4)1998(0) AIJEL-HC-207149 (5)1990(2)G.L.H.219 (6)2010(0)AIJEL-HC-221447 (7)2007(0)AIJEL-HC-217617 (8)2012(0) AIJEL-HC-227390 (9) 2012(0) AIJEL-HC-228986 (10) 2016(0)AIJEL-HC-236189 (11) 2004 (0) AIJEL-SC-26337 (12) 2009 (0) AIJEL-SC-47882 (13) CIVIL APPEAL NO.2960 OF 2019 [Arising out of SLP (C) no.20068 of 2013] (14)2020(0) AIJEL-HC-242149 (15)2020 (0) AIJEL-SC-66338 (16)2021(0) AIJEL-SC 67061. ઉપરોકત ચુકાદાઓ માનસર વંચાણે લીધેલ છે. સદર ચુકાદાઓ મુજબ સમય મર્યાદાનો બાધ નડતો હોય યા કોઝ ઓફ એકશન દાવામાં રહેલ ન હોય યા મહત્વની હકીકતો છૂપાવેલ હોય તો દાવો રદ થવાને પાત્ર હોવા લગત છે. આ કામના પ્રતિવાદી નં.૨/૬/૨/૬ નાઓને પોતાની આંક:૮૧ ની દલીલમાં નીચે મુજબના ચુકાદાઓનો ઉલ્લેખ કરેલ છે. ઉપરોકત ચુકાદો માનસર વંચાણે લેતા આ ચુકાદાઓ સમયમર્યાદાનો બાધ નડતા અંગેના તથા કોઝ ઓફ એકશનને લગતના છે.

(૧.૮) આ કામના પ્રતિવાદી નં.૧૨ના વિ.વ.શ્રી. પી.આર.શાહનાઓએ સદર દાવાને સમયમર્યાદાનો બાદ નડતા અંગે દલીલ કરેલ છે અને વિ.વ.શ્રી.બી.એન.શાહની દલીલો આંક:૯૧ ની પુરસીસથી એડોલ્ટ કરેલ છે અને નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરેલ છે. (1) 2011(0)GLHEL-SC-50339 (2) 2016(0)AIJEL-HC-237186 (3) 2016(0)AIJEL-

HC-236189 (4)2019(0)AIJEL-SC-63798 (5)2017(0)AIJEL-HC-238053 (6)2016(0)AIJEL-HC-236160. સદર ચુકાદાઓ સમયમર્યાદાને બાધ નડતા હોવા લગત છે.

(૧.૯) આ કામના વાદીએ પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજૂ રાખેલ છે. (1)Honble Supreme Court Civil Appeal No.5641 of 2021 decided on 17.09.2021 (2) 2020(0)AIJEL-SC-66299 (3) 2014(0)AIJEL-SC-54874 (4) 2018(0)AIJEL-SC-62061 (5) 2018(0)AIJEL-SC-63203 (6) 2003(0)AIJEL-SC-14938 (7) 2021(0)AIJEL-HC-243278 (8) First Appeal no.1193/2018 Honble Gujarat High Court Order dt.2-3/08/2018 (9) 2019(0)AIJEL-HC-240608 (10) 2019(0)AIJEL-HC-241180 (11) 2020(0)AIJEL-HC-241906 (12) 2018(0)AIJEL-HC-240025 (13) 2019(0)AIJEL-HC-241107 (14) 2018(0)AIJEL-HC-239318 (15) 2018(0)AIJEL-HC-249351 (16) 2015(0)AIJEL-HC-233442 (17) 2018(0)AIJEL-HC-239153 (18) Bomby High Court Second Appeal No.645/2014 Order dt.17.11.2014 (19) Karnataka High Court Second Appeal No.928/2013 Order dt.02.07.2014 (20) 2007(0)AIJEL-SC-39072 (21) Honble Supreme Court Leave Petition no.13146 of 2021 decided on.06.09.2021 (22) 2019(0)AIJEL-SC-65545 (23) 1996(0)AIJEL-SC-25666 (24) 1097(0)AIJEL-SC-2777 (25) 2021(0)AIJEL-SC-242651 (26) Honble Supreme Court Civil Appeal No.7017 of 2009 decided on 05.10.2021. સદર ચુકાદો માનસર વંચાણે લીધેલ છે. સદર ચુકાદાઓ સમયમર્યાદાને બાધ નડતો મુદો મીકસ કવેશ્ચન ઓફ ફેકટ એન્ડ લો હોવા અંગે તથા દાવાની હકીકતો જ સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ માં જોવાની રહે તેમજ રેવન્યુ એન્ટ્રી ફીઝકલ પર્પઝ માટે હોવા અંગે તથા પ્રોપર્ટીશનનો દાવો આર્ટીકલ ૧૧૦ મુજબ અને ભાગ ડીનાઈલ કરે ત્યારથી સમયમર્યાદામાં ચાલુ થતો હોવાના અંગેના ચુકાદાઓ છે.

(૧.૧૦) ઉપરોકત વાદીઓ તથા પ્રતિવાદીઓએ રજૂ કરેલા ચુકાદાઓ ધ્યાને લેતા નામદાર ઉચ્ચ અદાલતોએ ઠરાવ્યા મુજબ જો વાદીના દાવાની

હકીકતો તથા વાદીના દસ્તાવેજી પુરાવાથી યા એડમીડેટ ફેકટ પરથી દાવો સમયમર્યાદા બહારનો જણાય તો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ ડી મુજબ રદ થાય. પરંતુ, જો દાવાની હકીકત તથા વાદીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા પરથી સ્પષ્ટપણે સમયમર્યાદાનો બાદ થતો હોવાનું જણાતું ન હોય ત્યારે સમયમર્યાદાનો બાદ નડતો હોવાનો મુદો મીકસ કવેશ્ચન ઓફ ફેકટ એન્ડ લો ગણીને પક્ષકારોનો પુરાવો લીધા બાદ જ તે અંગે નિર્ણીત થઈ શકે. વધુમાં, દાવાના  સી.પી.સી.ઓ. ૭ રૂલ ૧૧ લગત અરજી નિર્ણીત કરવા માટે વાદીની દાવાની હકીકતો અને તેણે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લ ેવા જોઈએ. વધુમાં, રેવન્યુ એન્ટ્રી ફિસ્કલ પર્પઝ માટે છે તેનાથી કોઈ પક્ષકારોના રાઈટ ટાઈટલ નકકી ન થઈ શકે. આમ, આ તમામ ચુકાદાઓ સદર અરજી નિર્ણીત કરતા સમયે માનસર ધ્યાને લેવામાં આવેલા છે.

(૧.૧૧) આ કામે પ્રતિવાદી તર્ફે અરજીમાં દાવામાં પૂરતી કોર્ટ ફી ભરેલ ન હોવાનો તથા સ્યુટ વેલ્યુએશન બરોબર ન કરેલ હોવાનું જણાવી દાવો રદ કરવા અરજ કરેલ છે. પરંતુ, પ્રતિવાદીના વિ.વ.શ્રી.એ સદર ઈસ્યુ અંગે કોઈ વિગતવાર દલીલ કરેલ નથી. વધુમાં, દાવાની હકીકતો ધ્યાને લેતાં તથા લગાવેલ કોર્ટ ફી ધ્યાને લેતા અધૂરી કોર્ટ ફી જણાતી નથી કે સ્યુટ વેલ્યુએશન પણ પ્રોપર કરેલાનું જણાય છે. જેથી આ મુદા ઉપર દાવો રદ થવા પાત્ર ન હોવાનું મારૂં માનવું છે.

(૧.૧૨) આ કામના પ્રતિવાદીએ અરજીમાં સદર દાવાને રેસજયુડીકેટનો બાદ નડતો હોવાનો જણાવેલ છે. પરંતુ, વિ.વ.શ્રી.એ સદર મુદા અંગે વિગવાર દલીલ કરેલ નથી. તેમજ વધુમાં, આ દાવામાં જે તકરાર છે તે તકરાર અગાઉના કોઈ દાવામાં નામદાર કોર્ટ ડિસાઈડ કરેલ હોય તેવી કોઈ હકીકતો નીકળી આવતી નથી. જેથી સદર દાવાને રેસજયુડીકેટનો બાદ નડતો હોવાનું માની શકાય નહીં.

(૧.૧૩) આ કામે પ્રતિવાદી તર્ફે એવી રજૂઆત છે કે, વાદીએ સને–૨૦૦૧ નો રજીસ્ટર દસ્તાવેજ હાલ સને–૨૦૨૦ માં ચેલેન્જ કરેલ છે. જેને ૨૦ વર્ષ

જેટલો સમય થઈ ગયેલ હોય સમયમર્યાદાનો બાદ નડે છે અને દાવો રજીસ્ટર્ડ થયેલ હોય તેને ડિમનોલેજ ગણી સમયમર્યાદાની ગણતરી કરવી જોઈએ. વાદી તર્ફે એવી રજૂઆત છે કે, તેઓએ આ દસ્તાવેજ અંગેની જાણ રેગ્યુલર સીવીલ સ્યુટ નં.૩૯૬/૧૮ ના પ્રોસેસ બજતા તથા ગણોત કેસ નં .૩/૧૭ માં તા.૧૭.૦૧.૨૦૧૯ ના રોજ હુકમ થતા સમયે જાણ થયેલ. જેથી સદર દાવો સમયમર્યાદામાં ગણાય. લિમીટેશન એકટના આર્ટીકલ ૫૯ મુજબ જયારથી જાણ થાય ત્યારથી ૩ વર્ષના સમયમર્યાદામાં દસ્તાવેજ રદ કરતો દાવો કરવો જોઈએ. આ કામના પ્રતિવાદી તર્ફે વાદીનો દાવો તથા દસ્તાવેજી પુરાવાને આધારે પુરાવા પરથી એવી કોઈ હકીકત જણાવી શકતા નથી કે આ કામના વાદીને સને–૨૦૧૮–૧૯ પહેલા દાવાવાળી મિલકતના દસ્તાવેજ લગત જાણકારી હતી. પ્રતિવાદીઓ તર્ફે રજીસ્ટર્ડ દસ્તાવેજ થતા વાદીને ડીમ નોલેજ હોવાનું માનવું જોઈએ. તેવી રજૂઆત છે જયારે વાદી તર્ફે ૨૦૧૯ જેએક્ષ(ગુજરાત) પેજ.૩૯૯: અરજીભાઈ જીવણભાઈ વિ.સાધુ માં ગીરામજી. કાશીરામજી. નો ચુકાદો રજૂ કરી ડીમ નોલેજ ગણીને સી.પી.સી.ઓર્ડર ૭(૧૭) હેઠળ દાવો રીઝેકટ કરી શકાય નહીં તેવો ચુકાદો રજૂ કરેલ છે. હાલના કેસમાં વાદીએ પોતાના દાવામાં સ્પષ્ટપણે તેઓના સને–૨૦૦૧ ના દસ્તાવેજ અં ગે આર.સી.એસ.૩૯૬/૨૦૧૮ ના પુરસીસ બજતા તથા ગણોત કેસ નં.૩/૧૭ નો હુકમ મળતા જાણ થયેલાનું કહે છે. વધુમાં દાવાની હકીકત તથા વાદીના દસ્તાવેજી પુરાવાથી આ હકીકતથી વિરૂઘ્ધની હકીકતો હાલ જણાતી નથી. જેથી સદર દાવો સમયમર્યાદામાં થયેલ છે કે કેમ ? તે પક્ષકારોનો પુરાવો લીધા સીવાય હાલના તબકકે નકકી થઈ શકે નહીં. સદર કામમાં સમયમર્યાદાનો મુદો મીકસ કવેશ્ચન ઓફ ફેકટ એન્ડ લો જણાય છે.

(૧.૧૪) આ કામે પ્રતિવાદી તર્ફે એવી રજૂઆત છે કે,આ કામના વાદીનું નામ રેવન્યુ રેકર્ડમાંથી આશરે ૫૦ વર્ષ પહેલા નીકળી ગયેલ છે. જેથી સદર

રેવન્યુ નોંધો સમય જતા કાયમી બનેલ છે. ભાઈઓ ભાગ પડતા દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૪, ૫ વગેરેના હિસ્સામાં આવેલી અને તેઓએ દાવાવાળી મિલકતનું વેચાણ કરેલ. જયારે વાદીની એવી રજૂઆત છે કે, દાવાવાળી મિલકતમાં તેઓના વડવાઓના નામ ચાલ્યું આવતું હતું. પરંતુ, કોઈ અગમ્ય કારણોસર તેઓના નામ રેવન્યુ રેકર્ડમાંથી ડીલીટ થઈ ગયેલ છે. આ અંગેની કોઈ નોટીસ વાદીઓને બજવવામાં આવેલ નથી અને વાદીઓને આ અંગેની જાણ રેવન્યુ સીવીલ સ્યુડ નં.૩૯૬/૨૦૧૮ ગણોત કેસ નં.૩/૧૭ સમયે થયેલ. જેથી હાલનો દાવો દાવાવાળી મિલકતમાં વાદીઓનો હકક હિસ્સો હોવાનું ઠરાવી આપવા કરેલ છે. વધુમાં, તેઓની એવી રજૂઆત છે કે, રેવન્યુ નોંધો ફિસ્કલ પર્પઝ માટે છે. તેના કારણે કોઈ હકક અધિકારો ટાયટલ ઉભા નષ્ટ ન થાય. પક્ષકારોની રજૂઆતો તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા આ કામના વાદીઓને સને–૨૦૧૮–૧૯ પહેલા આ અંગેની જાણકારી હોય તેવી કોઈ હકીકતો વાદીના દાવા કે વાદીના દસ્તાવેજી પુરાવા કે કોઈ એડમીડેટ ફેકટથી નીકળી આવતા નથી. જેથી બંન્ને તરફથી રજૂઆતો તથા તકરારો ધ્યાને લ ેતાં સદર દાવાને સમયમર્યાદાનો બાદ નડે છે કે કેમ? તે પક્ષકારોનો પુરાવો લીધા સીવાય નકકી થઈ શકે તેમ નથી. સમયમર્યાદાનો મુદો મીકસ કવેશ્ચન ઓફ ફેકટ એન્ડ લો જણાય છે. જેથી સદર દાવો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ ડી મુજબ રદ કરી શકાય નહીં. તેવું મારૂં માનવું છે.

(૧.૧૫) આ કામના પ્રતિવાદી તર્ફે એવી રજૂઆત છે કે, વાદીઓને દાવો કરવાનો કોઈ જ કારણ ઉભું થયેલ નથી. ખોટું અને બનાવટી કારણ ઉભું કરેલ હોય સદર દાવો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ એ મુજબ રદ કરવો જોઈએ. સદર કામે દાવાની હકીકતો ધ્યાને લેતા આ કામના વાદીએ દાવાનું કારણ ઉભું થયા અંગે દાવાના પેરા–૧૫ માં સ્પષ્ટપણે હકીકતો જણાવેલ છે. જે ધ્યાને લેતા દાવો કોઝ ઓફ એકશન વગરનો હોય તેવું કહી શકાય નહીં. વધુમાં, વાદીની સમગ્ર હકીકતો તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં સદર દાવાનું કારણ ખોટું

અને બનાવટી હોય તેવું પણ જણાયી આવતું નથી. જેથી સદર દાવો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ એ મુજબ રદ થવાને પાત્ર ન હોવાનું મારૂં માનવું છે.

(૧.૧૬) વધુમાં, આ કામના વાદીએ માત્ર દસ્તાવેજો રદ કરવાની જ દાદ માંગેલી નથી પરંતુ, દાવામાં દાવાવાળી મિલકતમાં પોતાનો વારસાઈથી હકક હિસ્સો હોવાનું ઠરાવી આપવા પણ દાદ માંગેલ છે અને દાવાવાળી મિલકત લગત મનાઈહુકમ પણ માંગેલ છે. જે અંગેનો નિર્ણય પક્ષકારોનો પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે તેમ નથી આમ, પક્ષકારોની તકરાર ધ્યાને લેતા સદર દાવો પક્ષકારોનો પુરાવો લીધા સીવાય સી.પી.સી. ૭ રૂલ ૧૧ હેઠળ રદ થવાને પાત્ર ન થવા મારૂં માનવું છે.

ઉપરોકત ચર્ચા મુજબ સદર દાવો હાલના તબકકે પુરાવો લીધા સીવાય રદ થવાને પાત્ર ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) આંક–૪૫ અને ૮૧ આથી નામંજૂર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ:૨૨.૧૨.૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:૨૨.૧૨.૨૦૨૧
વડોદરા.

**(ઈલ્યાસ કે.જાંગડ)**
૧૧ મા એડી.ચીફ જયુડીશીયલ મેજી.ફ.ક.
**કોડ નં.જીજે.૦૦૮૬૭**

(લોપામુદ્રા શર્મા)/ સ્ટેનોગ્રાફર.